અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જવળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૧ | ૩૦ ઓક્ટોબર, ૨૦૨૦, શુક્રવાર; નિ. આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાતની રાજનીતિના 'બાપા'ની વિદાય

**પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના પીઢ નેતા કેશુભાઇ પટેલનું ૯૨ વર્ષની વયે નિધન : રાજ્યના ભીષ્મપિતામહ કેશુભાઇ પટેલ પંચમહાભૂતમાં વિલિન : ગોકુળિયા ગામના પ્રણેતા અને ગ્રામિણ સમૃદ્ધિના શિલ્પીની વસમી વિદાઇ : કોરાના સામે ૯૨ વર્ષની વયે જંગ જીતેલા પૂર્વ મુખ્યમંત્રી હૃદયરોગના હુમલા સામે જિંદગી હારી ગયા : ખેડૂતપુત્ર તરીકે અને લોકસેવક તરીકે ગુજરાતમાં લોકચાહના મેળવી હતી, પાટીદાર આગેવાનના નિધનથી સમગ્ર ગુજરાત શોકમાં ડૂબ્યુ : શ્વાસ લેવામાં મુશ્કેલીની ફરિયાદ બાદ અમદાવાદની હોસ્પિટલ સ્ટર્લિંગમાં દાખલ કરાયા હતા**

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પીઢ નેતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે ગાંધીનગર ખાતે આવેલ સેક્ટર-૩૦ના સ્મશાન ગૃહ ખાતે કરવામાં આવ્યા હતા. જ્યાં ગણતરીની મિનિટોમાં તેમનો પાર્થિવ શરીર પંચમહાભૂતમાં વિલિન થઈ ગયું હતું. કેશુબાપાને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તેમના અંતિમ દર્શનમાં લોકોની ભારે ભીડ ઉમટી હતી. મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી સહિતના લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીમાં કેશુભાઈ પટેલનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. શ્વાસ લેવામાં તકલીફ ઊભી થયા બાદ આજે તેમને સારવાર માટે સ્ટર્લિંગ હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમનું નિધન થયું હતું. હૉસ્પિટલ ખાતે જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિતના ભાજપના નેતાઓએ આજે કેશુભાઈ પટેલના નિવાસ્થાને પહોંચીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.








કેશુભાઈ પટેલના નિધનના સમાચાર આવતાં જ રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી કાર્યક્રમો રદ કરાયા છે અને ૧ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.

કેશુબાપાની તબિયત એકાએક લથડતાં ૧૦ દિવસ પહેલાં જ તેમને અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત સારી થતાં બે દિવસ પહેલાં જ તેઓને રજા અપાઈ હતી. પરંતુ અચાનક આજે વધુ તબિયત લથડતાં ફરીથી કેશુબાપાને સ્ટર્લિન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં હોસ્પિટલના ડોક્ટર અક્ષય પટેલ તેમની સારવા કરી રહ્યા હતા. તેમણે ઘણાં પ્રયાસો કર્યા. પરંતુ તેઓને સફળતા ન મળી. કેશુબાપાને હાર્ટએટેક નીસાથે સાથે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. તેઓને હોસ્પિટલ લવાયા ત્યારે બેભાન અવસ્થામાં જ હતા અને એકાદ કલાકમાં જ તેઓનું નિધન થયું હતું.

સ્ટ્રલિંગ હોસ્પિટલના ડોક્ટર અક્ષયે જણાવ્યું હતું કે કેશુબાપાનું નિધન ૧૧:૫૫ કલાકે થયું છે. તેમને ડાયાબિટીસ, હાઈ બીપી જેવી સમસ્યાઓ હતી. સવારે તેમને હોસ્પિટલે લવાયા ત્યારે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. બાપાની ૩૦ મિનિટ સુધી સારવાર ચાલી, પરંતુ તેઓ રિકવર ન થઈ શક્યા. કેશુબાપાને હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા લાવ્યા ત્યારે તેમને બેભાન અવસ્થામાં લાવવામાં આવ્યા હતા એક કલાક બાદ તેઓનું અવસાન થઈ ગયું હતું

દરમિયાન ગત ૧૮ સપ્ટેમ્બરના રોજ કેશુભાઈ પટેલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ડોક્ટરની સલાહ મુજબ તેમને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા કેશુભાઈ માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫ અને માર્ચ ૧૯૯૮ થી ઓક્ટોબર ૨૦૦૧ સુધી એમ કુલ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી પદ પર રહી ચૂક્યા છે. ૨ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ તેમણે મુખ્યમંત્રી પદ પરથી ખરાબ તબિયતને કારણે રાજીનામું આપ્યું. ૨૦૦૨ની ચૂંટણીઓમાં કેશુભાઈએ ઉમેદવારી ન કરી.

● અનુસંધાન પાન-૫ પર

## છેલ્લે... છેલ્લે...

- ગુજરાતના નામાંકિત પત્રકાર ઉદય મહુરકરની ભારતમાં ઈન્ફર્મેશન કમિશનર તરીકે ૩ વર્ષ માટે નિમણુંક
- ફ્રાંસમાં ચર્ચની પાસે હિંસક હુમલામાં મહિલા સહિત ૩ના મોત
- શ્રીનગરમાં પીડીપીના પ્રમુખ મહેબુબા મુફ્તીની નવા ભૂમિક કાયદાનો વિરોધ કરતા પોલીસે અટકાયત કરી
- રાજસ્થાન સરકાર ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની ૪૦ ટકા ફી માફ કરી
- જર્મનીમાં ૨જી નવેમ્બરથી ઈમરજન્સી લોકડાઉન લદાશે
- બિહાર ચૂંટણી પ્રચારમાં ગયેલા મનોજ તિવારીના હેલિકોપ્ટર સાથે સંપર્ક તૂટતા ખળભળાટ
- બિહારમાં પ્રથમ તબક્કામાં સત્તાવાર રીતે ૫૫.૬૯ ટકા મતદાન નોંધાયું
- કેવડિયામાં મોદીની સુરક્ષામાં તૈનાત ૧૦ કર્મીઓને કોરોના

# દેશની છેવાડા સુધીની વ્યક્તિને કોરોનાની રસી અપાશે : મોદી

**કોરોનાની વેક્સિનને લઈને વડાપ્રધાનનું દેશને આશ્વાસન : દેશના ખૂણે ખૂણે રસી પહોંચાડવા માટેની યોજના તૈયાર, રસીના સંગ્રહ માટે કોલ્ડ ચેઈન પર કામ ચાલે છે : નિશુલ્ક કોરોના રસીની વાતને વેગ મળ્યો**

નવી દિલ્હી, તા. ૨૯

દેશમાં કોરોના કેસ ૮૦ લાખના આંકડે પહોંચ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને ખાતરી આપી છે કે કોરોના રસી બનાવવામાં આવ્યા પછી દરેક દેશવાસીને રસી આપવામાં આવશે. કોરોના રસીના રસીકરણ અંગે તેમની સરકારની તૈયારીઓ વિશે માહિતી આપતાં તેમણે કહ્યું કે દેશના છેવાડાના વ્યક્તિ સુધી આ રસી પહોંચાડવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કોરોન રસીના સંગ્રહ માટે રસીકરણ માટે કોલ્ડ ચેન પર કામ ચાલી રહ્યું છે.

એક મુલાકાતમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે તેઓ આખા દેશને ખાતરી આપવા માંગે છે કે જ્યારે પણ કોરોના રસી મળશે ત્યારે દરેક દેશવાસીને રસી આપવામાં આવશે. કોઈને પણ બાકાત રાખવામાં નહીં. વડાપ્રધાન મોદી દ્વારા દરેક દેશવાસીના રસીકરણની ખાતરીને લઈને ફરી એકવાર નિઃશુલ્ક કોરોના રસીકરણના સમાચારોને વેગ મળ્યો છે. એવું માનવામાં આવે છે કે સરકાર આરોગ્ય યોજના હેઠળ આ રસીકરણ અભિયાન ચલાવી શકે છે. ઈન્ટરવ્યુમાં વડાપ્રધાન



મોદીએ કહ્યું હતું કે 'હું દેશને ખાતરી આપવા માંગું છું કે જ્યારે પણ કોરોના રસી બનાવવામાં આવશે ત્યારે દરેકને રસી આપવામાં આવશે. કોઈને છોડશે નહીં. હા, આ રસીકરણ અભિયાનની શરૂઆતમાં કોરોનાનું જેને સૌથી વધુ જોખમ છે તેવા લોકોને શામેલ કરવામાં આવશે. તેમાં કોરોના સામે યુદ્ધ લડતા ફ્રન્ટલાઈન કર્મચારીઓનો સમાવેશ થશે. વડાપ્રધાનએ કહ્યું કે, ખાસ કરીને કોરોના રસી માટે બનાવવામાં આવેલ રાષ્ટ્રીય નિષ્ણાત જૂથ રસીકરણ કઈ રીતે કરવું તેના પર કામ કરી રહ્યું છે. વડાપ્રધાનએ કહ્યું, આપણે એ જાણી લેવું જોઈએ કે રસી બનાવવાની પ્રક્રિયા હજુ પણ ચાલુ છે. પરીક્ષણો ચાલી રહ્યા છે. નિષ્ણાતો હજુ સુધી એ કહી શકવાની સ્થિતિમાં નથી કે આ રસી કેવા પ્રકારની હશે, દરેક વ્યક્તિને કેટલા ડોઝ આપવાના રહેશે કે પછી તે એકવાર આપવી પડશે કે એકથી વધુ વાર લેવી પડશે. નિષ્ણાતોના અભિપ્રાય મુજબ જ અમે દેશમાં રસીકરણ તરફ આગળ વધીશું.

સરકારની તૈયારીઓ વિશે માહિતી આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ૨૮ હજારથી વધુ કોલ્ડ ચેઈન પોઈન્ટ કોરોના રસીનો સંગ્રહ કરશે અને દેશના જુદા જુદા ભાગોમાં સપ્લાય ચેઈનનો ભાગ હશે. છેવાડાના દરેક નાગરિકને કોરોના રસી આપવામાં આવશે.

# ઊધરસ અને છીંક ખાવાથી કોરોના વાયરસ ફેલાતો નથી

નવી દિલ્હી, તા. ૨૯

કોરોના વાયરસના ફેલાવાને લઈને એક અતિ મહત્વનો ખુલાસો થયો છે. અભ્યાસમાં જાણવા મળ્યાં પ્રમાણે ઊધરસ ખાઈએ અથવા છીંકી ખાવાથી કોરોના વાયરસ નથી ફેલાતો. હવાના સંપર્કમાં આવનારા એરોસોલ માઈક્રોડ્રોપ્લેટ્સ કોરોના વાયરસ સંક્રમણ ફેલાવવા માટે ખાસ જવાબદાર હોતા નથી.

જર્નલ 'ફિઝિક્સ ઓફ ફ્લૂઈડ'માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ બંધ જગ્યાઓમાંમાં સાર્સ-સીઓવી-૨નો એરોસોલ પ્રસાર ખાસ સરકારક સાબિત થતો નથી.

સંશોધનકર્તાઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ એવા સ્થળે જાય છે કે જ્યાં થોડીવાર પહેલા જ કોઈ એવી વ્યક્તિ હાજર હતી જેને કોરોના વાયરસના હળવા લક્ષણો હતા તો તે વ્યક્તિ સંક્રમણની ઝપેટમાં આવે તેની આશંકા ખુબ જ ઓછી છે. તેમણે ઉમેર્યુ હતું કે, કોરોના ચેપગ્રસ્ત વ્યક્તિ માત્ર વાત કરી રહ્યો હોય તેનાથી પણ કોરોનાનું સંક્રમણ ફેલાતો હોવાની શક્યતા ઓછી હોય છે. અભ્યાસમાં ટાંકવામાં આવ્યું છે કે "સાર્સ-સીઓવી-૨ના ફેલાવાને લઈને અમારા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, એરોસોલ ફેલાવો શક્ય છે, પરંતુ તે વધુ અસરકારક નથી. ખાસ કરીને લક્ષણો વગરના કે ઓછા લક્ષણોવાળા સંક્રમણના કેસમાં.




## ભાવપૂર્વક અંજલિ



**કેશુબાપા**

ગાંધીનગરના વિકાસમાં આપનું યોગદાન અને શહેરને 'બગીચાનું શહેર'નો દરજ્જો અપાવનાર ગુજરાતની રાજનીતિના ભીષ્મપિતામહ કેશુબાપાને ગાંધીનગરના નાગરિકો વતી મહાનગરપાલિકા ભાવપૂર્વક અંજલિ આપે છે... અને આપના વિચારોના વિસ્તાર માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ...
આપનો જીવન સંઘર્ષ અને વહીવટી કુનેહ
હંમેશા અમારા માટે માર્ગદર્શક બની રહેશે.
પરમ તત્વને ચિર શાંતિ માટે પ્રાર્થના....
-● ૐ શાંતિ ●-

**રીટા કેતનકુમાર પટેલ**
મેયર - ગાંધીનગર

**દેવેન્દ્રસિંહ ચાવડા** ચેરમેન | **નાજાભાઈ ઘાંઘર** ડેપ્યુટી મેયર

નીતિનભાઈ પટેલ, કોર્પોરેટર
મનુભાઈ પટેલ, કોર્પોરેટર
ધિરૂભાઈ ડોડિયા, કોર્પોરેટર
પ્રણવભાઈ પટેલ, કોર્પોરેટર
નરેશભાઈ પરમાર, કોર્પોરેટર
કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર
જયદેવભાઈ પરમાર, કોર્પોરેટર

નિલાબેન શુક્લ, કોર્પોરેટર
હર્ષાબા ઘાંઘલ, કોર્પોરેટર
પ્રવિણાબેન વોરા, કોર્પોરેટર
પ્રવિણાબેન દરજી, કોર્પોરેટર
પાર્વતિબેન પરમાર, કોર્પોરેટર
પ્રિતીબેન દવે, કોર્પોરેટર
બરખાબેન જહા, કોર્પોરેટર